# ૧૫. લોકદીપક બુદ્ધગુરુ

(વ્યક્તિના જીવનમાં જ રથચક્રના આરાની માફક ઊર્ધ્વગતિ ને અધોગતિ આવે છે એમ નથી. એક સંસ્કૃતિથી સૂક્ષ્મ રીતે સંકળાયેલો સમસ્ત સમાજ પણ 'ચક્રનેમિક્રમેણ'—ચક્રના આરાના ક્રમ અનુસાર વર્તે છે. ચારેય બાજુથી અસત્, અનીતિ, દુરાચરણ, અન્યાય, જૂઠ, અજ્ઞાન વગેરે હીન વૃત્તિઓની અરાજકતા પ્રવર્તી રહેલી હોય છે, ત્યારે કોઈ મહાવિભૂતિનું આગમન થાય છે, અને સમાજસમસ્તને એ સાચો રાહ દર્શાવે છે. ભગવાન બુદ્ધનો જન્મ પણ એવા જ મહાન કાર્ય માટે એવા જ સંયોગોમાં થયો. પ્રચલિત માન્યતાઓ ને સુવિદિત કથાઓ કરતાં કંઈક વિશેષ અભ્યાસના પરિપાકરૂપે બુદ્ધદેવનું મૂલ્યાંકન અહીં નજરે પડે છે. આ મહિનાની નવમી તારીખે—વૈશાખી પૂનમને દિને બુદ્ધજયંતી આવે છે, તેથી આ લેખનું મહત્ત્વ વધે છે.)

રથનાં પૈડાની પેઠે સંસારનું પૈડું ફર્યા જ કરે છે. કોઈ વાર તે ઊંચે આવતું જણાય છે, કોઈ વાર તે નીચે આવતું જણાય છે. તે પળવાર પણ સ્થિર રહેતું નથી. જ્યારે તે ઊંચે આવતું હોય છે ત્યારે જનતામાં વિવેકની સ્ફુરણાને લીધે અન્યાય ઓછો અને ન્યાય વધારે હોય છે, અસત્ય ઓછું અને સત્ય વધારે હોય છે, માણસ માણસ વચ્ચે સદ્ભાવ વધારે અને ઈર્ષ્યા, દ્વેષ, મત્સર ઓછાં હોય છે. અને જ્યારે તે નીચે આવતું હોય છે, ત્યારે અન્યાય વધારે અને ન્યાય ઘણો ઓછો દેખાય છે, અસત્ય વધારે પ્રમાણમાં અને સત્ય ભાગ્યે જ દેખાય છે, માણસ માણસ વચ્ચે ઈર્ષ્યા, દ્વેષ, મત્સર અને સ્વાર્થવૃત્તિ તથા સ્વચ્છંદાચાર અધિક હોય છે અને સદ્ભાવ, નિઃસ્વાર્થપ્રવૃત્તિ તથા સંયમ, શીલ વગેરે ઓછાં દેખાય છે.

જે સમયે સંસારના પૈડાની ગતિ નીચી હોય છે, ત્યારે પ્રકૃતિના નિયમ પ્રમાણે એ કોઈ એવી શક્તિ જગતમાં મોકલે છે કે એ શક્તિના પુરુષાર્થ વડે વળી પાછું સંસારરથનું પૈડું ઊંચી ગતિએ આવે છે. દિવસ પછી રાત અને રાત પછી દિવસ એમ ચાલ્યા જ કરે છે. કેવળ પ્રકાશ જ પ્રકાશ કે કેવળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંધારું જ અંધારું સંસારમાં રહેતું નથી એવો પ્રાકૃતિક નિયમ અટલ છે.

સમગ્ર જનતા જ્યારે રૂંધાવા માંડે છે, ત્યારે તેની અભિલાષા પોતાના રૂંધનને દૂર કરવા એવી તીવ્ર થાય છે, કે ગમે ત્યાંથી ગમે તે રીતે એવી કોઈ શક્તિ આવીને જનતાની એ રૂંધનને મટાડવા પોતાનો તમામ પુરુષાર્થ ફોરવે છે અને છેલ્લે એ શક્તિ પોતાના પ્રાણને પણ હોડમાં મૂકી જનતાના એ રૂંધનને દૂર કરવા પુરુષાર્થ કરતી રહે છે. જનતાનું સંકલ્પબળ જ એ શક્તિને સંસારમાં આણે છે.

આપણા ભારતીય ઇતિહાસમાં રામ, કૃષ્ણ, વર્ધમાન મહાવીર અને સિદ્ધાર્થ બુદ્ધ એ બધી વિશિષ્ટ શક્તિઓ તે તે સમયની પિસાયેલી, ભીંસાયેલી, દબાયેલી એ દુઃખત્રસ્ત જનતાના સંકલ્પબળના ઉદાહરણરૂપે જન્મેલી છે એમ જરૂર ગણાવી શકાય.

સત્ અને અસત્, બ્રહ્મ અને માયા, દેવ અને દાનવ, સંત અને સેતાન કાંઈ આજકાલનાં નથી. સંસારમાં એ બધાં અનાદિથી જ પોતાનું પરિબળ બતાવતાં આવે છે. કોઈક વાર દેવ ફાવે અને કોઈક વાર દાનવ ફાવે, કોઈક વાર સંત ફાવે તો કોઈક વાર સેતાન ફાવે.

દેહધારી માનવ જ્યારે કેવળ દેહનો ગુલામ બને છે, સ્વચ્છંદી વાસનાઓ જ તેનો કબજો લે છે અને મોટા પ્રમાણમાં આવી પરિસ્થિતિ ઊભી થાય છે, ત્યારે દાનવ ફાવ્યો ગણાય. દાનવનું જ્યારે પરિબળ હોય છે ત્યાંરે અસત્, અન્યાય, જૂઠ, સ્વચ્છંદ, અજ્ઞાન વગેરે વૃત્તિઓ જોરમાં હોય છે; એટલું જ નહીં, પણ સેતાનના રાજ્યમાં ફસાયેલી જનતા અન્યાયને ન્યાય સમજે છે, જૂઠને સાચ માને છે, હિંસાને અહિંસા ધારે છે, સ્વાર્થ માટે માણસને પણ પશુ માનવા લાગે છે, મધને અમૃતનું સ્થાન આપે છે અને આમ કરીને એ ભારે ભીંસમાં આવે છે. જ્યારે પ્રાણ કંઠ સુધી આવી જાય અને પોતે સેતાનના જતરડામાં ફસાયેલ છે એવું ભાન આવતાં તે તેમાંથી છૂટવા ભારે તરફડિયાં મારે છે અને કોઈ સંતને સાદ દેવા માંડે છે. બરાબર એ વખતે તેના પ્રબળ સંકલ્પને બળે સંત પણ હાજર થઈ તે સેતાનના રાજ્યને સાફ કરવા માંડે છે અને વળી પાછાં ન્યાય, નીતિ, સાચ વગેરે પ્રજામાં આવવા માંડે છે.

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રો પોતાનાં સ્વચ્છંદ, અજ્ઞાન, સ્વાર્થ અને વિલાસ–વૈભવોને લીધે પોતે હેરાન હેરાન થઈ ગયેલા અને આમ જનતા પણ ત્રાસ પામી ગયેલી, બરાબર આવે વખતે લોકદીપક બુદ્ધનો જન્મ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થાય છે. વિક્રમ પૂર્વે ૫૦૫ વર્ષે એટલે આજથી (સં. ૨૦૦૮થી) ૨૫૧૩ વર્ષ પહેલાં રાજા શુદ્ધોદનના ઘરે મહામાયાદેવીની કુક્ષિમાંથી શ્રી બુદ્ધે પોતાને પ્રગટ કર્યા એમ મહાપંડિત ત્રિપિટકાચાર્ય શ્રી રાહુલ સાંકૃત્યાયનજી પોતાની 'બુદ્ધચર્યા'માં જણાવે છે.

નેપાળની તરાઈથી એટલે તિલૌરાકોટ, તૌલિહવાથી ૨૦ માઈલ ઉત્તરમાં કપિલવસ્તુ નામનું એક નગર છે. ત્યાં જ્યારે રાજા શુદ્ધોદનની મહારાણી મહામાયાદેવીને સૂંઢમાં કમળને લેતો ધોળો હાથી પોતાની કુક્ષિમાં પ્રવેશ કરે છે એવું સપનું આવ્યું, ત્યારે આષાઢ પૂર્ણિમાનો ઉત્સવ ચાલતો હતો. એ ઉત્સવ પૂર્ણિમા પહેલાં સાત દિવસે શરૂ થયેલો. માતા મહામાયાદેવી બીજી ક્ષત્રિયાણીઓની જેમ શરાબી ન હતી. તે માળાથી સુશોભિત બનીને એ પૂનમના ઉત્સવમાં ભાગ લઈ રહી હતી. એ વખતે બરાબર ઉત્તરાષાઢા નક્ષત્રમાં શ્રીબુદ્ધ માતાની કુક્ષિમાં આવ્યા અને ત્યાર પછી બરાબર દસ મહિના પછી તેમનો જન્મ થયો, અને તેઓ જન્મ્યા પછી બરાબર સાત દિવસે તેમની માતા મહામાયાનું અવસાન થયું. આષાઢી પૂનમની પછી દસ મહિના બાદ વૈશાખ મહિનો આવે છે અને તિથિ પણ વૈશાખી પૂનમ આવે છે. એટલે વૈશાખી પૂનમનો દિવસ બુદ્ધગુરુનો જન્મદિવસ ગણાય. તેમની માતા આ લોકમાંથી સિધાવ્યા બાદ તેમની માસી મહાપ્રજાપતિ ગૌતમીએ તેમનું લાલનપાલન કર્યું અને તેમને પુત્રવત્ ઉછેર્યા. આ મહાત્માના નામ સાથે પણ અનેક ચમત્કારો અને અતિશયોક્તિઓ લાગેલી છે. એ બધાંનું કાંઈ તાત્પર્ય હોય તો તે આટલું જ કે બુદ્ધ મહાપ્રતાપી અને ભારે પુણ્યશાળી હતા. જોશીઓએ એવું ભવિષ્ય ભાખેલું કે એ રાજકુમાર યોગી થશે. એ સાંભળીને તેમના પિતા શુદ્ધોદન શાક્યે તેમને ભોગવિલાસમાં તરબોળ રાખવા બધી સામગ્રી એકઠી કરી હતી, અને તે સામગ્રીઓની વચ્ચે જ તેમને રહેવાનું હતું.

તેમનો જન્મ કપિલવસ્તુમાં નહીં થયેલો પણ જ્યારે બુદ્ધ માતાની કુક્ષિમાં આવ્યા ને દસ મહિના પૂરા થયા, ત્યારે તેમની માતાને તેમને પિયર જવાનું મન થયું. તેમનું પિયર દેવદહ નગરમાં હતું. રાજાએ કપિલવસ્તુથી દેવદહ નગર સુધીનો માર્ગ સુધરાવી અને ધજાપતાકાથી સુશોભિત કરાવી રાખ્યો.પછી પાલખીમાં બેસી પોતાના મોટા પરિવાર સાથે મહારાણી મહામાયાદેવી પોતાને પિયર જવા નીકળ્યાં. તે વખતે કપિલવસ્તુ અને દેવદહનગરની વચ્ચે લુંબિની નામનું એક મંગલમય શાલવન આવતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્તમાનમાં આ લુંબિનીનું નામ 'રુમ્મિન્ દેઈ' છે અને તે નૌતનવા સ્ટેશનથી (બી. એન. ડબલ્યુ રેલ્વે) પ્રાયઃ આઠ માઈલ પશ્ચિમે નેપાળની તરાઈમાં આવેલ છે. જે સ્થળે શાક્યોની અને દેવદહના કોલિયોના રાજ્યની સરહદ અડતી હતી, બરાબર એ જ સ્થળે બન્ને રાજ્યોએ પોતપોતાના વિહાર-આનંદ માટે એ મંગલમય શાલઉદ્યાન તૈયાર કરાવ્યું હતું. જ્યારે તે ઉદ્યાનમાં મહામાયા પહોંચ્યાં કે તેમને તે ઉદ્યાનમાં વિસામો ખાવાની તીવ્ર ઇચ્છા થઈ આવી. રાણીની ઇચ્છા પ્રમાણે તેની પાલખીને ત્યાં થોભાવવામાં આવી. રાણી પાલખીમાંથી ઊતર્યાં અને ઉદ્યાનમાં આમતેમ ફરવા લાગ્યાં. એ લુંબિની ઉદ્યાનમાં વિશેષ સુંદર અને ફૂલોના પુંજથી લચી ગયેલું એક શાલવૃક્ષ હતું. તેની નીચે રાણી જઈને તે વૃક્ષની ડાળ પકડીને ઊભા રહ્યાં કે તરત તેમને વીણ (વીણ-પ્રસૂતિપીડા) આવવા લાગી. તેમની દાસીઓએ રાણીની આસપાસ પડદા બાંધી દીધા અને ત્યાં જ એ વૃક્ષ નીચે કુલદીપક તથા લોકદીપક શક્તિનો જન્મ થયો.

રિવાજ પ્રમાણે રાજા શુદ્ધોદને જન્મના પ્રસંગને પોતાના વૈભવને છાજે એ રીતે ઊજવ્યો અને નામકરણ-સંસ્કાર વખતે તે બાળકનું નામ સિદ્ધાર્થ પાડ્યું. લગભગ આઠ વર્ષની વયે કુમાર સિદ્ધાર્થને પાટી અને વતરણું લઈને કલાચાર્યની પાસે લેખન-ગણિત વગેરે વિદ્યાઓ શીખવા સારુ મોકલવામાં આવ્યા. 'લલિતવિસ્તર' મહાપુરાણમાં લખ્યા પ્રમાણે જે લેખશાળામાં સિદ્ધાર્થ ભણતા હતા, ત્યાં વિવિધ લિપિઓ અને વિવિધ કલાઓ સંગીત, નૃત્ય, વાદ્યવાદન વગેરે શીખવવામાં આવતી. ભણીગણીને કુમાર હવે યૌવનમાં પહોંચ્યા કે તેમને રાજકુટુંબની કન્યા યશોધરા સાથે પરણાવવામાં આવ્યા. સિદ્ધાર્થ અને યશોધરા બન્ને પરસ્પર અતુલ સ્નેહથી સંધાયેલાં હતાં. તેમને એ સ્નેહના ફળરૂપે એક 'રાહુલ' નામે પુત્ર પણ થયો.

સિદ્ધાર્થ ભારે સંસ્કારી હતા, તેથી આટલી નાની વયમાં પણ તેઓ પોતાની આસપાસની પરિસ્થિતિ બરાબર સમજી ગયા. એમણે જોયું કે ધર્મને નામે લગભગ અધર્મ જ પ્રવર્તી રહ્યો છે. જેમના હાથમાં પ્રજાનું સુકાન છે તે બ્રાહ્મણો અને ક્ષત્રિયો પોતપોતાના કર્તવ્યથી ચ્યુત થયા છે. શૂદ્રોની પીડાનો તો પાર જ નથી. વર્ણધર્મને નામે શૂદ્રો ઉપર અસહ્ય અત્યાચારો વર્તી રહ્યા છે. યજ્ઞને બહાને હિંસા અને બીજી લૂંટો ચાલી રહી છે. માંસાહાર અને મદ્યપાન માટે 'प्रवृत्तिरेषा भूतानाम्' અર્થાત્ એ તો સાધારણ સ્થિતિ થઈ ગઈ છે. રાજાઓ અને બ્રાહ્મણો પ્રજાની ખાંધ ઉપર ચડીને આરામ કરી રહ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શૂદ્રો તો લગભગ ખરીદેલા ગુલામ હોય તેમ રિબાઈ રહ્યા છે. સ્ત્રીઓ બિચારી મૂક પીડા અનુભવી રહી છે. આ રીતે મનુષ્યોનું અને યજ્ઞમાં હોમાતાં પશુઓનું ભારે દુઃખ સિદ્ધાર્થના ધ્યાન ઉપર આવ્યું. હવે તો તેની ઊંઘ જ ઊડી ગઈ. તેને એવા વિચારો આવવા લાગ્યા કે આ દુઃખનું મૂળ શું ? આ દુઃખ દૂર શે થાય ? પોતે જે રીતે આરામમાં રહે છે એ જ રીતે રહે તો એ દુઃખમાં વધારો થાય, પણ ઘટાડો થવાનો નથી; કારણ કે પોતે પણ પ્રજાની ખાંધ ઉપર જ ચડીને આરામ ભોગવી રહેલ છે. એવું તેને સ્પષ્ટ ભાન થઈ ગયું હતું. આ વિચારોની પરંપરાનો તેના મનમાં પ્રબળ વેગ થયો અને એક મધરાત્રે તેણે પોતાના તમામ આરામને, પતિવત્સલ યુવતી સ્ત્રીને અને અત્યંત આકર્ષક બાળપુત્રને ત્યજી દેવાનો દૃઢ સંકલ્પ કર્યો અને આષાઢી પૂર્ણિમાને દિવસે જ તેણે પોતાના માનીતા છન્ન સારથિને સાથે લઈને મહાભિનિષ્ક્રમણ કર્યું. સંસારના તમામ ભોગોને લાત મારી, પોતાનાં અત્યંત પ્રિય પિતા, પત્ની અને પુત્રને તજી દઈને કોમળશરીરી કુમાર સિદ્ધાર્થે પોતે જોયેલ દુઃખનું મૂળ શોધવા એક વૈજ્ઞાનિકની પેઠે દેહદમનનું ઉગ્ર તપ શરૂ કર્યું. તેમના સમયમાં સાધકો સુખની શોધ માટે દેહદમન કરતા હતા, તે જ પરંપરાને અનુસરીને કુમાર સિદ્ધાર્થ પણ ભિક્ષુ બની એકાંતમાં અરણ્યમાં, પર્વત ઉપર કે નદીકાંઠે ભારે તપ તપવા લાગ્યો અને અંતર્મુખ થઈ પોતાના ધ્યેયની સિદ્ધિ માટે સતત પ્રયત્ન કરવા માંડ્યો. પોતાના નગર કપિલવસ્તુથી તે પ્રથમ ભિક્ષુને વેષે રાજગૃહ (વર્તમાન રાજગિર) પહોંચ્યો. રાજગૃહ પહોંચતાં-પહોંચતાં સાદું ખાનપાન એટલે વનફળ, કંદમૂળ વગેરેનું ભોજન અને ઝરણાં કે નદીનું ચોખ્ખું પાણી—તેના ઉપર તે પોતાનો નિભાવ કરવા લાગ્યો. રાજગૃહ પહોંચી તે પ્રાચીન પરંપરા પ્રમાણે હાથમાં ભિક્ષાપાત્ર લઈને રાજગૃહના રસ્તાઓ ઉપર ફરવા લાગ્યો અને યથાપ્રાપ્ત ભિક્ષા વડે પોતાનો નિર્વાહ કરવા લાગ્યો. ભિક્ષુ સિદ્ધાર્થ ચમાર-ઢેડથી માંડીને ઠેઠ બ્રાહ્મણ સુધીની અઢારે વરણનાં ઘરોમાં ભિક્ષા માટે ફરતો. જેમ ભમરો ફૂલને ઓછામાં ઓછી પીડા ઊપજે તે રીતે તેમાંથી રસ ચૂસે છે, તેમ ભિક્ષુ સિદ્ધાર્થ પણ દાતાઓને પોતાનો બોજો ઓછામાં ઓછો લાગે તે રીતે તેમને ઘેરથી કટકા-બટકાની એટલે ખાધા પછી વધેલઘટેલ અન્નની ભિક્ષા લેવા લાગ્યો. જ્યારે એ પ્રથમ ભિક્ષાને લઈને રાજગૃહના પાંડવપર્વત તરફ વળ્યો, ત્યારે તેનું પાત્ર વિવિધ અન્નથી ભરાયેલું હતું. તે જોઈને તેને ઊબકા આવવા લાગ્યા અને કેમ જાણે મોં વાટે આંતરડાં બહાર નીકળી જતાં હોય એમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જણાવા લાગ્યું. આ વખતે તેને જે વિચારો આવ્યા તે આ પ્રમાણે હતા : 'સિદ્ધાર્થ ! તને આ શું થયું ? તને કોઈએ પરાણે તો ભિક્ષુ મુંડ્યો નથી. રાજવૈભવોનો તેં હસતે મોંએ ત્યાગ કરેલો છે, છતાં સૂગના આ ઘાતક સંસ્કારો હજુ સુધી તારા હૈયામાં ભરાઈ રહ્યા છે ? તેં જ્યારે જ્યારે માણસ માણસ વચ્ચેનો ભેદભાવ જોયો હતો, ત્યારે તું કકળી ઊઠ્યો અને તે દૂર કરવા સારું તો તું મુંડ ભિક્ષુ થયો, અને હવે અત્યારે આ હલકી જાતોએ આપેલું અન્ન ખાવાનો પ્રસંગ આવતાં તારા મનમાં તે લોકો તરફ પ્રેમ ન પ્રગટતાં તને સૂગ આવવા લાગી છે ? સિદ્ધાર્થ ! આવી ઘેલછા છોડ્યા વિના તું તારી શોધ કરી શકવાનો નથી. એટલે તારે જો ધ્યેયસિદ્ધિ કરવી હોય તો રાજાના ઘરના સુગંધી ચોખા અને આ હલકી જાતના લોકોએ આપેલી ઘેંશ એ વચ્ચે ભેદભાવ ન ગણવો જોઈએ. આ ભેદભાવ ટળશે તો જ તને ધ્યેયસિદ્ધિ સાંપડવાની છે અને જે અર્થે તું ભિક્ષુ થયેલો છે તે પણ સફળ થવાનો છે.' આવા સંકલ્પ-વિકલ્પો થતાં સિદ્ધાર્થે પોતાના મનને વિશેષ દઢ કર્યું અને એ વિવિધ પ્રકારનું પરસ્પર ભળી ગયેલું ભોજન તે હોંશેહોંશે જમી ગયો.

જ્યારે ભિક્ષુ સિદ્ધાર્થ રાજગૃહના રસ્તાઓ ઉપર ફરતો હતો, ત્યારે રાજગૃહના રાજા બિંબિસારે[1] (શ્રેણિકે) તેને જોયો અને તે તેનું રાજતેજ, પ્રતાપી વ્યક્તિત્વ, ખીલતું યૌવન, લાવણ્ય વગેરે જોઈને ભારે વિસ્મય પામ્યો. તેને લાગ્યું કે આ કોઈ રાજપુત્ર જ હોવો જોઈએ અને વખાનો માર્યો મુંડ થયો હોવો જોઈએ. તેની પ્રવૃત્તિ વિશે સમાચાર મેળવવા તેણે પોતાના દૂતોને તેની પાછળ-પાછળ મોકલ્યા. દૂતોએ આવીને રાજાને સમાચાર આપ્યા કે એ ભિક્ષુ પાંડવપર્વતની તળેટીમાં આવેલી એક ટેકરીની છાયામાં બેઠેલો છે. આ સમાચાર સાંભળી રાજા પોતે જ પગે ચાલતો-ચાલતો તે સિંહસમી મુદ્રાવાળા સિદ્ધાર્થ-ભિક્ષુ પાસે ગયો.

ભિક્ષુએ હજુ હમણાં જ ભોજન પતાવી લીધું હતું, ભિક્ષાપાત્રને ધોઈને તડકામાં તે પલાંઠી વાળીને પોતાના આસન ઉપર શાંત ભાવે બેઠો હતો.

---

૧. જૈન ગ્રંથોમાં રાજા શ્રેણિકનું બીજું નામ ભંભાસાર મળે છે. બૌદ્ધ ગ્રંથોમાં મળતું બિંબિસાર અને આ ભંભાસાર એ બંને નામો તદ્દન મળતાં છે. ભંભા એ વિજયસૂચક વાજાનું નામ છે. રાજા શ્રેણિક ભંભાને વિશેષ સારરૂપ માનતા તેથી તેમનું ભંભાસાર નામ પડ્યું છે એવી કથા જૈન ગ્રંથમાં મળે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજા તેની પાસે જ એક બાજુએ આવીને બેઠો. એ વખતે રાજા અને સિદ્ધાર્થ ભિક્ષુ વચ્ચે જે સંવાદ[1] થયો તે આ પ્રમાણે હતો :

**રાજા :** તારા દેહનું લાવણ્ય જોતાં તું જરૂર કોઈ ઉચ્ચ કુળનો હોવો જોઈએ. આવી તરુણ અવસ્થામાં તારે તારી રાજશ્રીનો ત્યાગ કરવાનું કારણ મને કહીશ તો તેનો કાંઈ તોડ નીકળી શકશે. તું અહીં શા માટે આવેલો છે ? તને જોઈને મને એમ આપોઆપ થયું છે કે આ માણસ-શિરોમણિને મારી પાસે રાખવો અને તેને રાજ્યની મોટી પાયરીએ ચડાવવો. મને એમ નક્કી લાગે છે કે તું મારી સેનામાં ઘણું ઉત્તમ કામ બજાવી શકીશ.

**ભિક્ષુ સિદ્ધાર્થ :** મહારાજ ! હિમાલયની તળેટીમાં શાક્યોનું સમૃદ્ધ રાજ્ય છે, તેની કીર્તિ તો આપે સાંભળી જ હશે. હું ત્યાંના રાજા શુદ્ધોદનનો પુત્ર છું. કોઈ પ્રકારની સંપત્તિની આશાએ મેં આ ભિક્ષુપદ નથી લીધું, પણ મેં આપણા દેશમાં ધર્મને નામે અધર્મ થતો જોયો છે; યજ્ઞોમાં મૂંગાં પશુઓનો હોમ કરીને સ્વર્ગ મેળવવાનો વહેમ આપણી પ્રજામાં ફેલાયેલો જોયો છે; યજ્ઞને નિમિત્તે હિંસા ઉપરાંત ચૌર્ય અને મદ્યપાનને પણ સમર્થન આપનારા હોતાઓને મેં નજરે જોયા છે. બ્રાહ્મણો પોતાનો ધર્મ ચૂકી મહાપરિગ્રહી બની બેઠા છે. ક્ષત્રિયો પોતાનો રાજધર્મ ચૂકી વિલાસી, અભિમાની અને કજિયાખોર થઈ ગયા છે. વર્ણાશ્રમધર્મને નામે શૂદ્રો તો પશુ કરતાં પણ હલકા ગણાવા લાગ્યા છે. સ્ત્રીઓને ધર્મશાસ્ત્ર, વેદ શીખવાનો અધિકાર જ નહિ. લોકભાષાને પણ આ પુરોહિતો અવગણવા લાગ્યા છે, તથા ઈશ્વર આત્મા વગેરે તત્ત્વો જ સંયમનાં પોષક, માણસ માણસ વચ્ચે પ્રેમ વધારનારાં અને પ્રાણીમાત્ર પ્રત્યે મૈત્રીને જોડનારાં હતાં તેને બદલે આ વિવાદી લોકોએ તે વિશે મોટા ઝઘડા ઊભા કર્યા છે અને એના વાદો માંડ્યા છે, તથા બીજા પણ અનેક વાદો પંડિતોએ ઊભા કરીને ધર્મનું સાદું રૂપ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ બધું તદ્દન ગૌણ કરીને પ્રજાને ભારે મૂંઝવણમાં નાખી છે. હું જોઉં છું કે રાજાઓ, પુરોહિતો, વૈશ્યો બધા જ ગરીબ બિચારી પ્રજાને ખાંધે ચડીને તેને ચૂસી રહ્યા છે. તમે જ કહો ને, રાજન્ ! કે તમે કયો પરસેવો પાડીને આ રાજ્યપદ મેળવ્યું છે ? તમારો

---

૧. 'ઉત્તરાધ્યયનસૂત્ર'માં અનાથી મુનિને લગતું સંયતીય નામે એક અધ્યયન અઢારમું છે. તેમાં એક રાજા અને મુનિ વચ્ચેના સંવાદની નોંધ છે. મેં કેટલાક વૃદ્ધ મુનિઓ પાસેથી એમ સાંભળ્યું છે કે તે સંવાદ શ્રી બુદ્ધ અને રાજા શ્રેણિક વચ્ચેનો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લખલૂટ ખર્ચ ગરીબ બિચારા મજૂરો, ખેડૂતો સિવાય તમે ક્યાંથી મેળવો છો ? અને એ ખર્ચ બદલ તમે તેમની કેટલીક સંભાળ લ્યો છો ? મહારાજ ! વધારે શું કહું ? મેં તો આ જગતમાં ચારેકોર દુઃખ, દુઃખ ને દુઃખ જ દીઠું છે. મારે એ દુઃખનું નિમિત્ત ન બનવું અને એ દુઃખના ઉપશમનો ઉપાય શોધવો એ જ એક ઉદ્દેશથી મેં મારું રાજપદ તજી આ ભિક્ષુપદ લીધેલ છે.

રાજા તો આ બધું સાંભળીને સડક થઈ ગયો અને ભિક્ષુ સિદ્ધાર્થનો નિશ્ચય જોઈ તેને કહેવા લાગ્યો, કે "હે રાજકુમાર ! હવે મારે તને કશું જ કહેવું નથી, પણ તું જો તે જણાવેલા દુઃખનો ઉપશમ થાય એવો રસ્તો શોધી શકે, તો એ તું મને જરૂર બતાવજે; તો એ માર્ગને હું કાંઈક સહાયક થઈ શકું એવું જરૂર કરવા મારી વૃત્તિ છે."

આ પછી શ્રી સિદ્ધાર્થભિક્ષુ તે વખતના જે પ્રસિદ્ધ યોગમાર્ગના સાધકો આલારકાલામ ને ઉદ્દકરામપુત્રઋષિ હતા; તેમના આશ્રમમાં ગયો અને ત્યાં જઈને તેમણે બતાવેલી તમામ સાધના તેણે કરી જોઈ, પણ તેના મનનું પૂરું સમાધાન ન થયું. તે આશ્રમોમાં તેણે જોયું કે આ સાધકો સમાજનાં દુઃખો તરફ બેદરકાર છે; એટલું જ નહિ, પણ સંસારમાં જે અન્યાય ચાલી રહ્યો છે અને ધર્મને નામે હિંસા, જૂઠ, ચોરી, પરિગ્રહ વગેરે જે અનેક અપવિત્ર પ્રવૃત્તિઓ જોસભેર બહેકી રહી છે, તે તરફ પણ આંખમીંચામણાં કરી રહ્યા છે. કેવળ થોડા વખતની સમાધિથી પોતાના મનને નિષ્ક્રિય કરવામાં જ આ સાધકો પોતાની યોગસિદ્ધિ સમજે છે. પરંતુ શ્રી સિદ્ધાર્થને લાગ્યું કે જ્યાં સુધી મન સહજ રીતે સમ ન થાય અને તે અન્યાયનો પ્રતિકાર કરવાનું જબરજસ્ત આંદોલન જગાડી જગતમાં ધર્મને નામે ચાલતો અધર્મ નાબૂદ ન કરી શકે અને આવી પ્રવૃત્તિમાં પડવા છતાં પણ પોતાની સમતુલા ન ગુમાવી શકે, ત્યારે જ ઠીક સાધના કરી એમ કહી શકાય. આ માટે તેને તે વખતના કોઈ આશ્રમોમાં જવાથી સંતોષ ન થયો. તેથી છેવટે તેણે પોતે જાતે જ પોતે ધારેલી સાધનાને સાધવાનું નક્કી કર્યું. ફરતો ફરતો તે ગંગાની પાસેના ઉરુવેલા (વર્તમાન બોધગયા, જિલ્લો ગયા) નામના સ્થાનમાં આવ્યો. આ સ્થાન પ્રાકૃતિક રીતે અત્યંત મનોહર હતું અને આ ભાગમાં જ થઈને નિરંજના (વર્તમાન નિલાજન, જિલ્લો ગયા) નદી વહેતી હતી. શ્રી સિદ્ધાર્થ ભિક્ષુએ આ સ્થાનમાં રહીને જ પોતાની સાધના આગળ વધારવા માંડી. તેણે નિશ્ચય કર્યો કે 'ભલે મારી ચામડી ઉતરડાઈ જાય, નસો ટૂટી જાય, હાડકેહાડકું ભાંગી જાય વા હું માત્ર હાડકાંનો માળો જ બની જાઉં, મારું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શરીર, માંસ, લોહી ભલે સુકાઈ જાય, તો પણ જે સાધ્ય માટે હું ભિક્ષુ થયો છું, તેની સિદ્ધિ વિના અહીંથી ખસીશ નહિ.' આ સંકલ્પ કરીને સિદ્ધાર્થ ભિક્ષુએ લાગલાગટ છ વરસ સુધી ઘોરમાં ઘોર તપ આચર્યું. તે તપની વાત સાંભળતાં જ આપણાં રૂંવાડાં બેઠાં થઈ જાય એવું એ ભયંકર તપ હતું. આ વિશે 'મજ્ઝિમનિકાય' નામના ગ્રંથમાં 'સિંહનાદસુત્ત'માં ભારે અદ્ભુત વૃત્તાંત છે. તેવું અઘોર તપ તપતાં હાથપગ સળેકડા જેવા થઈ ગયા, બરડાની કરોડ એક સાંકળની જેમ પ્રત્યક્ષ દેખાવા લાગી. ભાંગેલા ઘરની વળીઓની પેઠે એની તમામ પાંસળીઓ હચમચી ગઈ. આંખો એકદમ ઊંડી ઊતરી ગઈ અને કરમાયેલા કોળાની પેઠે તેની શરીરકાંતિ તદ્દન કરમાઈ ગઈ. પેટ અને પીઠ બન્ને એકબીજાને જાણે વળગી પડ્યાં હોય તેમ તદ્દન ચોંટી ગયાં. કોલસા ભરેલી સગડીને ચલાવતાં જેમ ખડખડ અવાજ થાય, તેમ તે જ્યારે હલનચલન કરતા, ત્યારે તેનાં હાડકાં ખડખડ થવા લાગ્યાં. આ તો તે તપનું સાધારણ વર્ણન છે. પણ તેનો ખોરાક, તેનાં વિવિધ આસનો, તેનાં વસ્ત્રો વગેરે એવાં કઠોર હતાં, જે સાંભળતાં જ દિઙ્મૂઢ થઈ જવાય. એમના વખતમાં આવી દેહદંડની પરંપરા પહેલેથી ચાલી આવતી હતી અને સાધકો બધા આ રસ્તે જ ચાલતા હતા. એથી સિદ્ધાર્થ ભિક્ષુએ પણ એ કઠોરતમ દેહદંડનો માર્ગ અજમાવી જોયો અને તે પણ બેચાર મહિના નહીં, પણ પૂરા બોત્તેર મહિના. આવું આકરું તપ કર્યા પછી પણ તેમની સાધ્યની સિદ્ધિનો પત્તો લાગ્યો નહીં. એટલે સિદ્ધાર્થ પોતાના મનમાં વિચારવા લાગ્યો કે શું આ મારા માર્ગમાં કોઈ ભૂલ હશે કે જેથી મારું સાધ્ય હજુ સુધી મને જડતું નથી. કદાચ સપાટ રણમાં કોઈ વટેમાર્ગુ ભૂલો પડે તેમ હું આ માર્ગમાં ભૂલો તો નહીં પડ્યો હોઉં ? આમ વિચારતાં-વિચારતાં તેમને કઠોર દેહદંડનો માર્ગ કાંઈક અવળો લાગ્યો, તેથી તેઓ ધીરે ધીરે આહાર ઉપર આવવા લાગ્યા. આમ સાદા આહારથી ધ્યાનમાં મગ્ન થતાં તેઓ પરમશાંતિ—વીતરાગતાનું સુખ અનુભવવા લાગ્યા. પણ હજી સાધ્યની સિદ્ધિ દૂર હતી. આ વખતે ધ્યાનમાં જ્યારે તેઓ સ્થિર થતા, ત્યારે કેટલીક વાર તેના ચિત્તમાં પેલી જૂની વાસનાઓ ઊઠી આવતી : રાગની, મોહની, પ્રેમસુખની તૃષ્ણાની, ઈર્ષ્યાની આમ તરેહતરેહનાં રૂપ લઈ ચિત્તની અંદર જડ ઘાલીને બેઠેલી એ વાસનાઓની ભૂતાવળ શ્રી સિદ્ધાર્થને સતામણી કરવામાં પાછું વાળીને ન જોતી. પણ સિદ્ધાર્થ પોતાના સંકલ્પથી ડગ્યા જ નહીં અને તે બધી વાસનાઓને તેમણે પવિત્રતાના રૂપમાં ફેરવી જનકલ્યાણના સંકલ્પરૂપે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમૂહસુખની વૃત્તિરૂપે શુદ્ધ કરી નાખી; અને ચિત્તમાં અચાનક જેમ ઝબકારો થાય તેમ તેમને પોતાનું સાધ્ય સાંપડી ગયું અને સંસારના દુઃખનું મૂળ તેમના ધ્યાનમાં આવી ગયું. ચિત્તમાં જે ન કળી શકાય તેવી તૃષ્ણા રહે છે અને તે જ તૃષ્ણા જ્યારે સ્થૂળ આકાર ધારણ કરે છે, ત્યારે તમામ પ્રકારનાં દુઃખો ઊભાં થાય છે. વળી તે જ તૃષ્ણાને લીધે કેટલાંક કાર્યો દુઃખદ પરિણામવાળાં છતાંય સુખરૂપે ભાસે છે. તેમને લાગ્યું કે સંસારમાં એ તૃષ્ણાને જ બળે માત્સ્યન્યાય ચાલી રહ્યો છે અને માણસોનું મન પણ ઘણું જ સંકુચિત બની ગયું છે, જેને લીધે કેટલાક કલ્પિત ભેદો ઊભા કરી માણસ-માણસ વચ્ચે જુદાઈ પાડવાની વૃત્તિએ ધર્મનું રૂપ લીધું છે. કલ્પિત સ્વર્ગની તૃષ્ણામાંથી જ આ ઘોર હિંસા ચાલી રહી છે. તૃષ્ણાને લીધે જ ખૂનખાર યુદ્ધોને પણ ક્ષત્રિયો પોતાનો પરમધર્મ સમજે છે અને યુદ્ધ તરફ આકર્ષવા માટે 'हतो वा प्राप्स्यसि स्वर्गम्' અર્થાત્ 'યુદ્ધમાં હણાયેલો વીર સ્વર્ગને પામશે' એમ કહી યુદ્ધ તરફ મૂઢ લોકોને ખેંચે છે. ગ્રહણ, દિશાપૂજન, સૂર્યપૂજા વગેરે પણ જડ કર્મકાંડો તૃષ્ણામાંથી જ ઊભાં થયેલાં છે અને તૃષ્ણાને લીધે જ પુરોહિત લોકો શાસ્ત્રીય વાતો વિશે તર્ક કરવાની ના પાડે છે અને કહે છે કે વેદો તો સ્વતઃપ્રમાણ છે, એની સચ્ચાઈ વિશે કોઈ તર્કની જરૂર નથી. ભલે વેદોનાં વાક્યોનો અર્થ ન સમજાય છતાંય તેમની સચ્ચાઈ વિશે જે કોઈ તર્ક કરશે તે નાસ્તિક કહેવાશે. શ્રાદ્ધ કરવાથી મરી ગયેલાં સ્વજનો તૃપ્ત થાય છે, નદીસ્નાનથી પવિત્રતા મળે છે વગેરે અનેક પારમાર્થિક અને વ્યાવહારિક વિવિધ કર્મકાંડો એક તૃષ્ણામાંથી જ ઊભાં થયેલાં છે અને આમ જનતા તેમાં ભીંસાઈ રહી છે. તેની અજ્ઞાનતાનો લાભ તૃષ્ણાતુર પુરોહિતો, રાજાઓ અને વૈશ્યો મેળવી જાય છે. જન્માંતરમાં આમ મળશે, તેમ મળશે એમ કરી કરીને પુરોહિતો લોકો પાસેથી દાનો પડાવે છે અને રાજાને દેવાંશ કહીને તેના અનાચાર તથા જુલમોનો બચાવ કરે છે. આ અને આવું બીજું બધું સંશોધન સિદ્ધાર્થ ભિક્ષુના મનમાં આપોઆપ સ્ફુરી આવ્યું. તૃષ્ણાને તેમણે જડમૂળથી ઉખાડીને ફેંકી દીધી. તેને બદલે તેને વિશ્વપ્રેમ, વિશ્વૈકતા, સમૂહનાં દુઃખોમાં સહાનુભૂતિ વગેરે રૂપમાં ફેરવી નાખી અને હવે તે ભિક્ષુ બુદ્ધ થયા અને તેમને આ જાતનું પાકું જ્ઞાન એટલે બોધિ વૈશાખ સુદ પૂનમને દિવસે પીપળાના વૃક્ષની નીચે બેઠાં બેઠાં ધ્યાન કરતાં થઈ ગયું.

હવે તો આપણા વર્તમાન લોકો એ પીપળાની પણ પૂજા કરે છે; એટલું જ નહીં, પણ પૂજા માટે પીપળાની શાખાઓ ઠેઠ લંકા-અનુરાધાપુર સુધી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પહોંચાડી દેવામાં આવી છે.

આજનો આ દિવસ શ્રી બુદ્ધગુરુને બોધિજ્ઞાન થયાનો છે; માટે જ આપણે માટે એ મંગળ દિવસ છે. એમણે પોતામાં જે પ્રકાશ અનુભવ્યો તે પ્રકાશ આ દેશમાં ખૂણે ખૂણે પહોંચાડવા ભારે પ્રયત્ન કર્યો, માટે જ તે લોકદીપક કહેવાયા છે. મરતાં મરતાં પણ તેઓ એ પ્રકાશની એકેય વાત કરવાનું ચૂક્યા નથી.

ઉપર જે બધું વૃત્તાંત લખેલું છે, તે માટે શ્રી રાહુલજીએ લખેલ 'બુદ્ધચર્યા', કોસંબીજીએ લખેલ 'બુદ્ધલીલાસારસંગ્રહ' વગેરેનો આધાર લેવા છતાં બધું સ્વતંત્ર રીતે લખેલું છે. ઉપર જે શ્રી બુદ્ધના મનના સંકલ્પોનું ચિત્રણ કરેલ છે, તે માટે ત્રિપિટક, મજ્ઝિમનિકાય, દીઘનિકાય વગેરે ગ્રંથોમાં આવતી બ્રાહ્મણોની ચર્ચા, વેદના પ્રામાણ્યની ચર્ચા, જન્મજાતિવાદની ચર્ચા, ક્ષત્રિયોની ચર્ચા વગેરેનો આધાર છે. આવું કડીબંધ લખાણ કાંઈ મૂળ પુસ્તકમાં નથી, છતાં આમાં લખાયેલા વિચારો પિટકગ્રંથોમાં ઠેરઠેર મળે છે.

બીજા-બીજા વાદીઓ જ્યારે સમાજનાં દુઃખસુખની પરવા કર્યા વિના અત્યારના મુનિ-સંન્યાસીઓની પેઠે યોગસાધનાનું બહાનું બતાવી, પરલોકકલ્યાણને નિમિત્ત કરી જાણ્યે-અજાણ્યે સ્વોદરપરાયણ જેવા દીસતા હતા. તે વખતે લોકદીપક બુદ્ધે સમાજનાં દુઃખને જ મૂળભૂત તત્ત્વ તરીકે સ્થાપ્યું અને તેને જ તેઓ પોતાની મુખ્ય શોધ તરીકે સમજાવવા લાગ્યા.

દુઃખ તો પ્રત્યક્ષ જ છે. એ માટે કોઈ શાસ્ત્રના પ્રમાણની જરૂર નથી કે જ્ઞાની સર્વજ્ઞના ઉપદેશની જરૂર નથી, તેમ કોઈ બ્રહ્મ-સાક્ષાત્કારની જરૂર નથી. પ્રત્યેક પ્રાણીને દુઃખનો સાક્ષાત્કાર છે જ; એટલે એમણે બીજાંબીજાં અત્યંત પરોક્ષ અને જેમનો કોઈને પ્રત્યક્ષ અનુભવ નથી એવાં ઈશ્વર, આત્મા વગેરે તત્ત્વોને અવ્યાકૃત કોટિમાં રાખી એ માટેનો નકામો વાદવિવાદ વધાર્યો નહીં. દેહથી આત્મા જુદો છે અને દેહાધ્યાસને લીધે આપણને દેહ અને આત્મા એક લાગે છે એટલે આત્માનો સાક્ષાત્કાર કરવો એ જ જીવનનું ધ્યેય છે—એવું કહેનારા વાદીઓ એ માથાકૂટમાં જ રહેતા, પણ તેમની એ સાક્ષાત્કારની પ્રવૃત્તિથી સમાજનું તલભાર પણ દુઃખ ઓછું થતું ન હતું. ઊલટું વધ્યા કરતું હતું; માટે જ તેમણે એ વિશે કોઈ વિધિનિષેધ ન કરતાં કેવળ ઉપેક્ષા દાખવી, અને સકળ પ્રાણીપ્રત્યક્ષ એવાં દુઃખ, દુઃખનાં કારણો, દુઃખ દૂર કરવાનાં સાધનો અને દુઃખનો ઉપશમ એ વિચારો ઉપર જ ખૂબ ભાર મૂક્યો; અને પોતાનું ધર્મચક્ર પણ એ તત્ત્વો ઉપર જ ઠેરવ્યું. બીજા વળી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાદીઓ એમ કહેતા હતા કે આ જગતનો કર્તા, ધર્તા, પાલક અને સંહારક એક કોઈ ઈશ્વર છે, તેનું કર્યું જ બધું થાય છે, આપણે એક તણખલું પણ હલાવી શકતા નથી. આ તત્ત્વની પાછળ અને પેલા આત્મતત્ત્વની પાછળ ઉદ્દેશ તો તૃષ્ણાત્યાગનો હતો, અભિમાનરહિત થવાનો હતો અને રાગદ્વેષો ઓછા કરીને સર્વત્ર માણસ-માણસ વચ્ચે અને પ્રાણીમાત્ર વચ્ચે સમભાવ, એકભાવ કેળવવાનો હતો. પરંતુ પ્રજાની અજ્ઞાનતાને લીધે અને તે તે વાદીઓના સ્વચ્છંદને લીધે એ ઉદ્દેશ ભૂલાઈ જઈ એ તત્ત્વના પ્રરૂપક વાદીઓ એકબીજા સામસામા ભારે વિવાદમાં ઊતર્યા અને તેવા શાસ્ત્રાર્થના અખાડા જામવા લાગ્યા. આ અખાડામાં તે વખતના ક્ષત્રિયો પણ રસ લેવા લાગ્યા. આમ તે સમયે પ્રવર્તતો સામાજિક અન્યાય, રાજકીય અન્યાય અને એ બંને અન્યાયોને લીધે પ્રજામાં વધતી જતી હાડમારી તરફ ભાગ્યે જ કોઈનું ધ્યાન જતું. આત્મવાદીઓ કહેતા કે એ તો પ્રજાનાં કર્મનું જ ફળ છે અને ઈશ્વરવાદીઓ કહેતા કે એ તો જેવી ઈશ્વરની ઇચ્છા. આવા નિરૂપણથી અન્યાય કરનારા રાજાઓ બહેકતા, અને તે તે તત્ત્વના પ્રરૂપક વાદીઓનો એ રાજાઓને ટેકો હતો. એટલે આમ રાજા અને ધર્મગુરુ બન્નેએ મળીને પ્રજાને લગભગ ભીંસી નાખી હતી; એટલું જ નહીં, પણ ઈશ્વરને ખુશ કરવાને હિંસામય બીજાં બીજાં કર્મકાંડો ઊભાં કરવામાં આવ્યાં અને આગલાં કર્મોનો નાશ કરવા માટે વળી જુદો જ દેહદમનનો માર્ગ અને તેને લગતાં જડ કર્મકાંડોનું જાળું ફેલાવવામાં આવ્યું. પણ દુઃખનું પ્રત્યક્ષ મૂળ માણસમાં પોતામાં જ પડ્યું છે અને તેને માણસ ઇચ્છે તો પળવારમાં દૂર કરી શકે છે. દુઃખનાં કારણો માણસ પોતે જ ઊભાં કરે છે અને તેનો નાશ કરવાના ઉપાયો તેની જ પાસે છે—આ બધું અનુભવસિદ્ધ ન સમજાવાને લીધે પ્રજાની આંખે આત્મા અને ઈશ્વર તથા પૂર્વકર્મના પાટા બંધાવવામાં આવ્યા, અને બિચારી અજ્ઞાન પ્રજા એ પાટાના ભારથી ગૂંગળાવા લાગી ને રાજાઓ તથા ધર્મગુરુઓ એ પાટા પ્રજાને બંધાવી તેના ઉપર જ મોજ કરવા લાગ્યા. જ્યાં જુઓ ત્યાં શાસ્ત્રાર્થો, વાદવિવાદો અને છ છ મહિના સુધી વાદ-વિવાદના અખાડા ચાલતા જ હોય અને તેમાં રાજા રસપૂર્વક ભાગ લેતા હોય, ત્યારે આમ જનતા તો શૂન્યવત્ બધું જોયા કરતી અને પોતાનાં દુઃખ શે મટે તેના જ વિચારમાં ઉદાસીન બની રહેતી. એવામાં જ બુદ્ધગુરુએ દુઃખતત્ત્વની વાત કરી પ્રજાની આંખ ઉપરના પાટા ખેસવી નાખ્યા અને પ્રજાને દુઃખ દૂર કરવાને પુરુષાર્થ કરવાનું સૂઝે એવું તેને ધર્મચક્ર મળ્યું. બુદ્ધગુરુએ સાફસાફ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહ્યું છે કે ''કોઈ શાસ્ત્ર સ્વતઃપ્રમાણ નથી; એ તો રચનારના સત્ય-અસત્ય અનુભવ ઉપર જ ઊભું થયેલું છે અને તે દ્વારા જ તેની સત્યતા કે અસત્યતા કળી શકાય છે. તેમ કોઈ વચન ઈશ્વરનું વાક્ય નથી; જે છે તે બધી આપણા જેવા માનવીની વાણી છે. માટે તેને બરાબર ચકાસી, પરીક્ષા કરી પછી જ માનવાની છે; એટલું જ નહીં, પણ બુદ્ધગુરુએ પણ સ્પષ્ટ કર્યું કે હું સર્વજ્ઞ નથી, લોકોત્તર નથી કે કોઈ દિવ્યતાને ધારણ કરતો નથી. હું પણ તમારામાંનો અને તમારી જેવો જ એક માણસ છું. મને મારી ચારે બાજુ દુઃખ-દુઃખ જોઈ તે વિશે વિચારો આવ્યા અને ધર્મને નામે લગભગ બધી પ્રજામાં અધર્મ પ્રવર્તતો જોઈ, અન્યાય ચાલતો જોઈ મને ભિક્ષુ થવાની પ્રેરણા મળી. એથી મેં ઘણા લાંબા સમય સુધી જુદી જુદી સાધના કરી. છેવટે હું જે નિર્ણય ઉપર આવ્યો, તે મારો જાતિ અનુભવ તમારી આગળ મારા ધર્મચક્રને નામે જણાવું છું. તે પણ જો તમને બરાબર લાગે તો જ માનજો, પણ કોઈ યોગી કહે છે કે સર્વજ્ઞ કહે છે કે આપણને ગમે તેવું કહે છે એમ ધારીને માનવાનું નથી, પરંતુ તમારી વિવેકબુદ્ધિથી તમે તેની કસોટી કરી પછી તમને જો એ વચન દુઃખ દૂર કરનારું જણાય, તો જ માનવાનું છે.'' આ રીતે લોકદીપક બુદ્ધે વૈશાખ શુક્લ પૂનમને દિવસે પોતાનું ધર્મચક્ર શરૂ કરતાં તે જમાનાના ઘણા ભ્રમો દૂર કર્યા. પ્રજાને માટે વિચારસ્વાતંત્ર્યનો માર્ગ ખુલ્લો કર્યો. જન્મ-જાતિવાદનો સમૂળગો નિષેધ કર્યો અને ગુણોને લીધે શ્રેષ્ઠ વા અશ્રેષ્ઠ સમજવાનો સિદ્ધાંત લોકોને સમજાવ્યો. ઈશ્વરવાક્ય કે વેદવાક્ય કે સર્વજ્ઞવાક્યની નાગચૂડમાં ભીંસાયેલી પ્રજા પુરોહિતો કે ધર્મગુરુઓ સામે ચૂં કે ચાં કરી શકતી ન હતી, જુદા જુદા પંથના આચાર્યો પોતાને ફાવે તે પ્રમાણે પ્રજાને ભરમાવતા હતા. તે સામે હવે પ્રજા અવાજ ઉઠાવી શકે એવી પરિસ્થિતિ ઊભી કરી અને સૌથી વધારેમાં વધારે તો તેમણે મંગળરૂપ એ વાત આમજનતાને સમજાવી, કે ''તમારી સામે જે પ્રત્યક્ષ આ દુઃખ છે, તેને દૂર કરવાના પ્રયત્નમાં જ લાગી જાઓ, પણ પરોક્ષ એવા સ્વર્ગનાં સુખોની આશામાં ન રહો, અને જેનો સાક્ષાત્કાર શક્ય જ નથી એવા આત્મા કે ઈશ્વર પાછળ પણ વખત ન ગુમાવો. દુઃખ, સામાજિક દુઃખ અને સમસ્ત વિશ્વના વ્યક્તિગત દુઃખનું મૂળ માણસના પોતાના મનમાં જ છે. એ મનને ઠીક કરો, શુદ્ધ સંકલ્પ કેળવતાં શીખો એટલે એ દુઃખ આપોઆપ દૂર થશે. મૈત્રીભાવ સર્વત્ર ફેલાવો, કોઈ ઊંચ નથી કે કોઈ નીચ નથી. માણસમાત્ર એકસરખા જ છે. જે પ્રયત્ન કરે તે પોતાના સંકલ્પને શુદ્ધ કરી શકે છે અને તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વારા સાક્ષાત્ શાંતિનું સુખ ઘણી સરળતાથી માણી શકે છે. પછી તે બ્રાહ્મણ હો, ઢેડ હો, ચમાર હો, મોચી હો, કોળી હો, વાઘરી હો, ક્ષત્રિય હો કે વૈશ્ય હો.''

લોકદીપક શ્રીબુદ્ધગુરુએ પોતાનો તમામ ઉપદેશ પોતાના સમયની આમજનતાની માગધી (પાલિ) ભાષામાં કરેલો છે, તેથી તેનો અધિકાર જિજ્ઞાસુમાત્રને છે એમ પણ સમજવાનું છે. તેમનાં પ્રવચનો અને ચર્યા તથા સદુપદેશો, ચર્ચાઓ, સુભાષિતો વગેરે મજ્ઝિમનિકાય, દીઘનિકાય, અંગુત્તરનિકાય, સંયુત્તનિકાય, ધમ્મપદ વગેરે અનેક મહાકાય ને લઘુકાય ગ્રંથોમાં જળવાયેલ છે. તે તમામનો સંક્ષિપ્ત સાર આ નીચેની ગાથામાં આવી જાય છે.

**सव्वपापस्स अकरण कुसलस्स उपसंपदा ।**
**सचित्तपरियोदपनं एतं बुद्धान सासनं ॥**

તમામ પ્રકારનાં પાપો ન કરવા, તમામ પ્રકારનાં કુશળ કર્મો-સત્કર્મો કરવાં અને પોતાના ચિત્તને શુદ્ધ કરવું એ બુદ્ધોનું શાસન છે.

આ વૈશાખી પૂનમના પવિત્ર દિવસે શ્રી બુદ્ધગુરુનો જન્મ, તેમને બોધિજ્ઞાન અને તેમનું નિર્વાણ પણ તે જ દિવસે થયેલ છે, એટલે આપણે સારુ આ દિવસ પવિત્રમાં પવિત્ર છે; અને આ દિવસે આપણે એ સંતપુરુષનાં ગુણગાન કરી પવિત્ર બનવાનો પ્રયાસ કરીએ, તો આપણે માટે આ દિવસ ધન્ય જ ગણાય.

— અખંડ આનંદ, મે - ૧૯૫૨

●

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org